# ચેલેન્જર

દૈનિક

તંત્રી : પ્રતાપભાઈ કે. ગોહિલ

www.challengerdaily.com

Email :- challengerdaily@gmail.com

• Year : 07 • issue : 196 • Date 14/02/2018 • No. of Page : 4 • Price : Rs.1.00 • 115, ROYAL COMPLEX HAJUR PAYAGA ROAD, NEAR HIGH CORT, BHAVANAGAR• R.N.I. REG. NO. GUJGUJ/2011/39246 • Reg No. BVR-397/2018-2020 • * Renewed up to 31 Dec. 2020

● વર્ષ : ૦૭ ● અંક : ૧૯૬ ● તા.૧૪-૦૨-૨૦૧૮ ● બુધવાર ● પાના : ૪ ● ભાવનગર ● મુખ્ય કાર્યાલય : ૫૮, સુવિધા શોપીંગ સેન્ટર, પેલેસ રોડ, ભૈરવપરા, પાલિતાણા ● મો.૯૪૨૮૧૨૧૯૩૩ ● ફોન નં.(૦૨૮૪૮) ૨૫૧૯૩૩


### સતત બીજા દિવસે ભારતીય સેનાનું ઓપરેશન શ્રીનગરમાં જારી

# CRPF કેમ્પ પર હુમલામાં બે આતંકી ઠાર

શ્રીનગર,તા. ૧૩

જમ્મુ કાશ્મીરના પાટનગર શ્રીનગરના કરણ નગર સ્થિત સીઆરપીએફ કેમ્પ પાસે સેના અને ત્રાસવાદીઓ વચ્ચે અથડામણ આજે પણ જારી રહી હતી. સતત બીજા દિવસે સેનાનું ઓપરેશન જારી રહ્યું હતું. હજુ સુધી બે આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. ઓપરેશન સેનાનું ચાલી રહ્યું છે. સીઆરપીએફના આઈજી ઓપરેશન ઝુલ્ફીકાર હસને કહ્યું છે કે, અથડામણ હજુ પણ ચાલી રહી છે. એન્કાઉન્ટરમાં ઘણી બધી બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે છે. નાગરિકો અને સંપત્તિને નુકસાન ન પહોંચે તે બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે. એકબાજુ હિમવર્ષા અને બીજી બાજુ આતંકવાદીઓના ગોળીબાર એમ બે મોરચા ઉપર ભારતીય જવાનો સાહસનો અદ્‌ભુત પરિચય આપી રહ્યા છે. સીઆરપીએફ જવાનો, પોલીસ અને સેના દ્વારા જે કેમ્પ ઉપર હુમલો કરવામાં આવ્યો હતો તેને ચારેબાજુથી ઘેરી લઈને તપાસ ચલાવી રહી છે. આજે સીઆરપીએફના આઈજી રવિદીપ સહાએ કહ્યું હતું કે, સવારે બે આતંકવાદીઓએ ઘુસણખોરીના પ્રયાસ કર્યા હતા. પરિવારના લોકોને સુરક્ષિત કાઢવામાં આવી ચુક્યા છે. સીઆરપીએફના ઓપરેશનમાં એક જવાનને ઈજા થઈ હતી જેમનું સારવાર દરમિયાન મોત થયું હતું. સોમવારે સાડા ચાર વાગે ત્રાસવાદીઓએ સીઆરપીએફ કેમ્પમાં હુમલો કર્યો હતો. સુંજવાન આર્મી કેમ્પ ઉપર હુમલા બાદ સતત બીજો હુમલો ત્રાસવાદીઓએ કર્યો છે. મોટુ નુકસાન કરવાની ત્રાસવાદીઓની યોજનાને નિષ્ફળ કરવામાં આવી ચુકી છે. બીજી બાજુ સુંજવાન આર્મી કેમ્પમાંથી વધુ એક જવાનનો મૃતદેહ મળી આવ્યો છે. જેથી આ હુમલામાં મોતનો આંકડો વધીને હવે છ થઈ ગયો છે. આ હુમલામાં છ જવાન શહીદ થયા છે અને એક નાગરિકનુ મોત થયુ છે. ચાર ત્રાસવાદીઓને પણ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. નોંધનીય છે કે શનિવારે સવારે ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો. આ હુમલામાં પાંચ જવાન શહીદ તઈ ગયા હતા અને એક નાગરિકનુ મોત થયુ હતુ. હુમલાને અંજામ આપનાર ચારેય ત્રાસવાદીઓનો ખાતમો કરવામાં આવ્યો હતો. ભારતીય સેનાના જવાનોએ વધુ નુકસાન ન થાય તે હેતુસર આ ઓપરેશન ચલાવ્યુ હતુ. જેથી વધારે નુકસાન થયુ હતુ. ઠાર મરાયેલા ત્રાસવાદીઓની પાસેથી એકે ૪૭ અને અન્ય ઘાતક હથિયારોનો જથ્થો મળી આવ્યા હતા. જે પણ કેટલાક પ્રશ્નો ઉભા કરે છે. આર્મી કેમ્પ પર શનિવારે ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યો હતો. ઓપરેશન ઓલઆઉટ સેનાએ હાથ ધરીને ૨૦૦થી વધુ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ ત્રાસવાદીઓમાં ભારે દહેશત ફેલાઈ ગઈ છે. જેથી ત્રાસવાદીઓ સેનાના જવાનો અને તેમના પરિવારના સભ્યો પર હુમલા કરી રહ્યા છે. દેશના તમામ લોકો સારી રીતે જાણે છે કે જમ્મુકાશ્મીરમાં છેલ્લા કેટલાક સમયથી ઓપરેશન ઓલઆઉટ ચાલે છે. જેના ભાગરૂપે ત્રાસવાદીઓને શોધી શોધીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવી રહ્યા છે.



આ ઓપરેશન મોતના ખેલ સમાન છે. ભારતીય સેનાના જવાનો સામે જઈને જંગ લડી રહ્યા છે. કારણ કે ત્રાસવાદીઓ સ્થાનિક વિસ્તાર અને વન્ય વિસ્તારમાં ક્યાં છુપાયેલા છે અને ક્યાંથી ગોળી આવી જાય તે કહી શકાય નહી. આવી સ્થિતીમાં ભારતીય લોકોના રક્ષણમાં રહેલા જવાનો સામે પ્રશ્ન કરવા અને શંકા કરવાની બાબત કોઈને પણ શોભા દેતી નથી.

### ભાજપના લોકપ્રિય ચહેરા તરીકે ઉભર્યા છે

## કર્ણાટક-ત્રિપુરામાં પ્રચાર માટે યોગીની ભાજપમાં વધારે માંગ

### ગુજરાત અને હિમાચલપ્રદેશમાં એક સ્ટાર પ્રચારક તરીકે રહીને ઝંઝાવતી પ્રચાર કર્યા બાદ આક્રમક મુડમાં આવ્યા



લખનૌ,તા. ૧૩

ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથની ચૂંટણી પ્રચાર માટે સૌથી વધારે માંગ ભાજપમાં જોવા મળી રહી છે. જે પણ રાજ્યોમાં યોજાનાર છે તે તમામ રાજ્યોમાં યોગી મારફતે પ્રચારની માંગ ઉઠી રહી છે. તાજેતરમાં જ યોજાયેલી ગુજરાત અને હિમાચલપ્રદેશ વિધાનસભાની ચૂંટણી દરમિયાન યોગી સ્ટાર પ્રચારક તરીકે રહ્યા હતા અને ઝંઝાવતી પ્રચાર કરીને તમામને પ્રભાવિત કર્યા હતા. કેરળમાં લાલ આતંકની સામે પણ પણ ભાજપના મુખ્ય ચહેરા તરીકે યોગી ઉભરી રહ્યા છે. હવે જ્યારે પાર્ટીનુ ધ્યાન ઉત્તર પૂર્વ પર છે ત્યારે યોગી સૌથી લોકપ્રિય તરીકે દેખાઈ રહ્યા છે. ત્રિપુરા અને કર્ણાટકમાં યોગી પાસે કેટલીક નવી જવાબદારી પણ આવી રહી છે. ત્રિપુરામાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીં માટે યોગી બે દિવસ ઝંઝાવતી પ્રચાર કરનાર છે. યોગી રાજ્યમાં નાથ સપ્રદાયને પ્રભાવિત કરવાના પ્રયાસ કરશે. યોગી પોતે નાથ સપ્રદાયના છે. જેથી તેમની માંગ સૌથી વધારે દેખાઈ રહી છે. ત્રિપુરા બાદ કર્ણાટકમાં પણ વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ત્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી બાદ સૌથી વધારે માંગ યોગી આદિત્યનાથની રહેલી છે.ત્રિપુરામાં નાથ સમુદાયના લોકોની સંખ્યા ખુબ મોટી છે. રાજ્યમાં એસસી અને એસટી માટે ૪૮ ટકા ક્વોટા છે. મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ ભાજપના પ્રથમ ગવા સ્ટાર પ્રચારક તરીકે રહેલા છે. તેઓ હિન્દુ ચહેરા તરીકે છે. હિન્દુ મતદારોને પ્રભાવિત કરવા માટે યોગીની ભૂમિકા ચાવીરૂપ રહેનાર છે. હવે યોગી દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન પણ છે.

### બુધવારના દિવસે વેલેન્ટાઈન ડે દેશભરમાં ઉજવાશે

## વેલેન્ટાઈન ડે ઉજવવા માટે યુવા પેઢી સંપૂર્ણપણે સજ્જ

### મોલ, સુપર માર્કેટ, રેસ્ટોરેન્ટ, મનોરંજન સાથે સંકળાયેલા સ્થળો હાઉસફુલ : જુદી જુદી રીતે વેલેન્ટાઈન ડે મનાવાશે

નવી દિલ્હી, તા.૧૩

મહારાષ્ટ્ર સહિત કેટલાક રાજ્યોમાં વિરોધ વચ્ચે વેલેન્ટાઈન ડેની આવતીકાલે સમગ્ર વિશ્વમાં ઉજવણી કરવામાં આવનાર છે. યુવા પેઢી કેટલાક રૂઢીવાદી અને કટ્ટરપંથી સંગઠનોના વિરોધ છતાં વેલેન્ટાઈન ડેને જુદી જુદી રીતે ઉજવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. વેલેન્ટાઈન ડેની યુવક-યુવતીઓ પહેલાથી જ રાહ જોતા હોય છે. દર ફેબ્રુઆરી મહિનામાં વિશ્વભરમાં આની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે પ્રેમીઓ વચ્ચે ગીફ્ટોની આપલે થાય છે. વેલેન્ટાઈન ડેને લોકો જુદી જુદી રીતે મનાવીને ઉજવણી કરે છે. વેલેન્ટાઈન ડેના એક સપ્તાહ પહેલા જ શોપિંગ મોલ, સુપર માર્કેટ, રેસ્ટોરેન્ટ અને મનોરંજન સાથે સંકળાયેલા સ્થળો સજી જાય છે. ઉપરાંત ગીફ્ટ બજારોની બોલબાલા જોવા મળે છે.

જવેલરી, ફ્લાવર્સ, ટેડીબિયર્સ, ચોકેલટ અને અન્ય ગીફ્ટ માટે ખાસ કાઉન્ટરો બનાવવામાં આવે છે. વેલેન્ટાઈન ડે પ્રસંગે લવ સોંગ્સની પણ બોલબાલા રહે છે. જેના માટે ખાસ ઓડિયો-વીડિયો કેસેટો મનોરંજન સાથે સંકળાયેલી કંપનીઓ બનાવે છે.બેજિંગ, સંઘાઈ અને અન્ય પૂર્વીય દરિયા કાંઠાના શહેરોમાં વિશેષ આયોજન થઈ રહ્યું છે. પ્રેમીઓ માટે ખાસ એક્ટિવિટીનું આયોજન કરવામાં આવ્યું છે. બ્લડ ડોનેશન સેન્ટરો દ્વારા પણ દાતાઓને પણ ખાસ ગીફ્ટ આપવામાં આવનાર છે.

વૈશ્વિક કટોકટીના તબક્કામાંથી વિશ્વના દેશો બહાર નીકળી રહ્યા છે જેથી વેલેન્ટાઈન ડેના ઉત્સાહમાં વધારો થયો છે. માત્ર ચીનમાં જ નહીં અમેરિકા અને સમગ્ર વિશ્વમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## શિવરાત્રીના પાવન પર્વ ઉપર શેરબજાર બંધ : નવી આશા

મુંબઈ,તા. ૧૩

શેરબજારમાં આજે મહાશિવરાત્રીના પાવન પ્રસંગે કારોબાર બંધ છે. જો કે તમામ કારોબારી નવા કારોબારી સત્રમાં બુધવારના દિવસે શુ રહેશે તેને લઈને ગણતરી કરી રહ્યા છે. જો કે હાલના દિવસોમાં રિકવરી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. સેંસેક્સ અને નિફ્ટી બન્ને સોમવારના દિવસે તેજી સાથે બંધ રહ્યા હતા. બીએસઈ મિડકેપમાં ૧.૩ ટકા અને સ્મોલ કેપમાં ૧.૬ ટકા સુધીનો ઉછાળો રહ્યો હતો. અમેરિકી બજારમાં સતત બીજા દિવસે તેજી રહી છે. જેની અસર ભારતીય બજારમાં બુધવારના દિવસે રહી શકે છે. સોમવારના દિવસે અંતે સેંસેક્સ ૨૯૫ પોઈન્ટ ઉછળને ૩૪૩૦૦ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૮૫ પોઈન્ટ ઉછળીને ૧૦૫૩૯ની સપાટીએ રહ્યો હતો. હાલમાં સાપ્તાહિક આધાર પર નિફ્ટીમાં ૨.૮૪ ટકા અને સેંસેક્સમાં ૩.૦૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. શુક્રવારના દિવસે કારોબારના છેલ્લા દિવસે સેંસેક્સ ૪૦૭ પોઈન્ટ ઘટીને ૩૪૦૦૬ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૧૨૧ પોઈન્ટ ઘટીને ૧૦૪૫૪ની સપાટીએ રહ્યો હતો. ગયા ગુરુવારે સાતમી ફેબ્રુઆરીના દિવસે આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષાના પરિણામ અને નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ધારણા પ્રમાણે જ ટૂંકાગાળાના ધિરાણદર અથવા તો રેપોરેટને યથાવત છ ટકા જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં મોનિટરી પોલિસી કમિટિએ રિવર્સ રેપોરેટ,બેંક રેટ, સીઆરઆરને યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. એમએસએફ અને બેંક રેટ પણ ૬.૨૫ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો હતો. મોંઘવારી વધવાના છ કારણ પણ દર્શાવવામાં આવ્યા હતા. તમામ ચાવીરુપ રેટ યથાવત રાખવામાં આવ્યા હતા. બજેટમાં ગ્રામિણ ક્ષેત્ર માટે લેવામાં આવેલા પગલા અને ફાળવણી સારા સંકેત હોવાની વાત આમા કરવામાં આવી હતી. તેની ડિસેમ્બર સમિક્ષામાં એમપીસીએ કેશ રિઝર્વ રેશિયો અથવા તો સીઆરઆરને યથાવત ચાર ટકા અને રિવર્સ રેપોરેટનો પણ યથાવત ૫.૭૫ ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યા હતો. એસએલઆરને ૧૯.૫ ટકા યથાવત રાખવામાં આવ્યો હતો. જાન્યુઆરી ૨૦૧૮ માટે હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ ઉપર આધારિત ફુગાવો બુધવારના દિવસે જારી કરાશે.

## કોચિન શીપયાર્ડમાં પ્રચંડ બ્લાસ્ટ : ૫ લોકોના મોત



કોચી,તા. ૧૩

કેરળના કોચિન શીપયાર્ડમાં એક બ્લાસ્ટમાં પાંચ લોકોના મોત થયા છે. આ બ્લાસ્ટમાં અન્ય ૧૧ લોકો ઘાયલ પણ થયા છે. બીજી બાજુ બ્લાસ્ટ થયા બાદ ફાયરબ્રિગેડની ટુકડી તરત ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આગ ઉપર કાબૂ મેળવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ એક જહાજમાં રિપેરિંગ કામગીરી ચાલી રહી હતી ત્યારે એકાએક બ્લાસ્ટ થયો હતો. શીપયાર્ડમાં બ્લાસ્ટ બાદ ભારે અફડાતફડી મચી ગઈ હતી. આગ ઉપર કાબૂ મેળવવાના તમામ પ્રયાસો થઈ રહ્યા છે. મૃત્યુ પામેલા લોકોની ઓળખ પણ કરવામાં આવી રહી છે. હજુ સુધી મૃતકોની ઓળખ થઈ નથી. બીજી બાજુ કોચિન શીપયાર્ડમાં બ્લાસ્ટને લઈને કેરળ સરકાર હચમચી ઉઠી હતી. વિરોધ પક્ષો દ્વારા સરકાર ઉપર આક્ષેપબાજીનો દોર પણ શરૂ કરી દેવામાં આવ્યો છે. શીપયાર્ડમાં જહાજોની રિપેરિંગ કામગીરી સતત ચાલતી રહે છે.

### પ્રોવિડંડ ફંડ ઉપર હાલ વ્યાજદરમાં કોઈ ફેરફાર નહીં કરાય

## ઈપીએફઓ ૮.૬૫ ટકા વ્યાજદર જાળવશે : ૨૧મીએ મિટિંગ મળશે

### કુલ ૨૮.૮૬ અબજ રૂપિયાની કિંમતના એક્સચેંજ ટ્રેડેડ ફંડનું વેચાણ કરીને ઈપીએફઓ દ્વારા પુરતા નાણા ભેગા કરાયા : બેઠકને લઈને એજન્ડાને ઓપ

મુંબઈ,તા. ૧૩

રિટાયરફંડ બોડી ઈપીએફઓ વર્ષ ૨૦૧૭-૧૮ માટે તેના પાંચ કરોડ અથવા તો ૫૦ મિલિયન ધારકો માટે પ્રોવિડન્ડ ફંડ (પીએફ) વ્યાજદરને ૮.૬૫ ટકાના દરે યથાવત જાળવી રાખે તેવી શક્યતા છે. તેના ટ્રસ્ટીની અતિ મહત્વપૂર્ણ બેઠક ૨૧મી ફેબ્રુઆરીના દિવસે મળનાર છે. આ બેઠક પર તમામ લોકોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. જાણકાર સુત્રોએ કહ્યુ છે કે એમ્પ્લોઈસ પ્રોવિડન્ડ ફંડ ઓર્ગેનાઈઝેશન ((ઈપીએફઓ) દ્વારા આ નાણાંકીય વર્ષ માટે વ્યાજદર ૮.૬૫ ટકા જાળવી રાખવા અંતરનો ભરવા માટે આ મહિનાની શરૂઆતમાં ૨૮.૮૬ અબજ રૂપિયાની કિંમતના એક્સચેંજ ટ્રેડેડ ફંડ(ઈટીએફ) વેચી દીધા હતા. તેને ૧૬ ટકા રિટર્ન મળતા રકમ ૧૦.૫૪ અબજ રૂપિયા રહી હતી. આ રકમ આ નાણાંકીય વર્ષમાં ૮.૬૫ ટકા વ્યાજદરની ચુકવણી કરવા માટે પુરતી છે. તમામ લોકો જાણે છે કે અપીએફઓ દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ માટે ડિપોઝિટ પર ૮.૬૫ ટકા વ્યાજ ચુકવવાની જાહેરાત કરી હતી. વર્ષ ૨૦૧૫-૧૬માં વ્યાજદર ૮.૮ ટકા રહ્યો હતો. ૨૧મી ફેબ્રુઆરીના દિવસે મળનારી બેઠક પર તમામ ધારકો નજર રાખી રહ્યા છે. આ વ્યાજદરનો મામલો હમેંશા ખુબ સંવેદનશીલ રહે છે. જેથી ટ્રસ્ટીની બેઠકમાં તમામ પાસા પર વિચારણા કરવામાં આવ્યા બાદ જ કોઈ અંતિમ નિર્ણય કરવામાં આવનાર છે. હાલમાં વ્યાજદર પહેલા કરતા ઓછો છે.

ઓછો વ્યાજદર હોવાના કારણે આની સાથે કેટલીક વખત સંબંધિત સંસ્થાની સામે વાંધો પણ ઉઠાવવામાં આવ્યો છે. ૨૧મી ફેબ્રુઆરીના દિવસે મળનારી ટ્રસ્ટીની મહત્વપૂર્ણ બેઠકમાં ચાલુ નાણાંકીય વર્ષ માટેના આવકના અંદાજ ઉપર ચર્ચા થશે. આ ઉપરાંત ઈટીએફના વેચાણના સંદર્ભમાં ચર્ચા વિચારણા કરવામાં આવશે. ઓગસ્ટ ૨૦૧૫થી ઈપીએફઓ દ્વારા ઈટીએફમાં રોકાણ કરવામાં આવે છે. ઈટીએફ રોકાણને લઈને હજુ સુધી કોઈ વાત કરવામાં આવી નથી. ઈપીએફઓ દ્વારા હજુ સુધી ઈટીએફમાં ૪૪૪ અબજનું રોકાણ કરવામાં આવ્યું છે. ટ્રસ્ટીની મિટિંગ માટે લિસ્ટેડ એજેન્ડામાં વર્તમાન નાણાંકીય વર્ષ માટે ઈપીએફ ડિપોઝિટ પર વ્યાજદર માટેની દરખાસ્ત સહિતના મુદ્દા પર ચર્ચા થશે.

### કોંગી સભ્ય દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજી

# ગોંડલ વેરહાઉસમાં આગની ઘટનામાં તપાસની ઉગ્ર માંગ

## ગોડાઉનમાં સરકાર દ્વારા ટેકાના ભાવથી ખરીદાયેલ ૩૬ કરોડથી વધુની કિંમતના મગફળી જથ્થાને થયેલું નુકસાન

અમદાવાદ,તા. ૧૩

ગોંડલના વેરહાઉસમાં આગ ફાટી નીકળવાના અને આ આગમાં સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદાયેલી રૂ.૩૬ કરોડથી વધુની કિંમતનો મગફળીનો જથ્થો નાશ પામવાના ચકચારભર્યા પ્રકરણમાં કોંગ્રેસ પક્ષના જૂનાગઢના વિસાવદર બેઠકના ધારાસભ્ય હર્ષદ રીબડીયાએ ન્યાયિક તપાસની દાદ માંગતી એક મહત્વની રિટ અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરી છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ ગોંડલના વેરહાઉસ (ગોડાઉન)માં અચાનક બહુ ભીષણ આગ ફાટી નીકળવાના કારણે મગફળીનો મોટો જથ્થો નાશ પામ્યો હતો. કોંગ્રેસના ધારાસભ્ય દ્વારા કરાયેલી આ અરજીની સુનાવણી આગામી દિવસોમાં નીકળે તેવી શકયતા છે. કોંગ્રેસના ધારાસભ્ય દ્વારા કરાયેલી રિટ અરજીમાં એવો ગંભીર આક્ષેપ પણ કર્યો છે કે, સરકારના સત્તાવાળાઓ દ્વારા આ સમગ્ર કેસમાં સીઆઈડી ક્રાઈમને તપાસ સોંપાઈ છે તે એકમાત્ર ફોર્માલિટી છે, હકીકતમાં સાચા ગુનેગારોને છાવરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તેમણે એવી માંગ પણ કરી છે કે, આગની આ સમગ્ર ઘટના ખૂબ જ ગંભીર છે અને તેથી તેમાં હાઈકોર્ટ જજના વડપણ હેઠળ ન્યાયિક તપાસ હાથ ધરાવી જોઈએ. તો જ આખાય પ્રકરણમાં સત્ય બહાર આવી શકશે. કોંગ્રેસના ધારાસભ્ય દ્વારા એવો પણ આક્ષેપ કરાયો હતો કે, સીઆઈડી ક્રાઈમ દ્વારા આ કેસમાં સાચી દિશામાં તપાસ હાથ ધરાઈ રહી નથી. અગાઉ સીઆઈડી ક્રાઈમના અધિકારીઓએ આ પ્રકરણમાં વેલ્ડર્સની ધરપકડ બતાવી હતી કે, જેઓ ગોડાઉનમાં રીપેરીંગ કામ અને વેલ્ડીંગ કરી રહ્યા હતા પરંતુ આગ લાગવા માટે જવાબદાર માથાઓ હજુ પોલીસના સકંજાથી દૂર છટકી રહ્યા છે. આ ઘટના સંદર્ભે અગાઉ તેમણે ગુજરાતના રાજયપાલ ઓમપ્રકાશ કોહલીને એક આવેદનપત્ર પણ સુપ્રત કર્યું હતું અને મગફળીની ખરીદીમાં સંકળાયેલી એજન્સીઓ અને ગોડાઉનના માલિક વિરૂધ્ધ તપાસ કરવા માંગણી પણ કરી હતી. ઉલ્લેખનીય છે કે, ગોંડલના ઉમવાડા રોડ પર આવેલ રામરાજય જીનીંગના વેરહાઉસમાં રાજય સરકાર દ્વારા ટેકાના ભાવથી ખરીદાયેલ અંદાજે રૂ.૨૮ કરોડની મગફળીના જથ્થામાં ગયા મહિને ભયંકર આગ ફાટી નીકળી હતી, જેમાં કરોડો રૂપિયાની મગફળીના જથ્થા સહિત મોટાપાયે નુકસાન નોંધાયું હતું. આગમાં બળીને ખાખ થઈ ગયેલા ૭૫ હજાર સ્કવેર ફુટના વેરહાઉસનું પાંચ વર્ષ પહેલા રૂ.ત્રણ કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યું હતું. ગોંડલ આગના મામલામાં આક્ષેપબાજીનો દોર ચાલી રહ્યો છે.

### ખાસ મહાપૂજા અને આરતીનું આયોજન કરાયું

# દેશભરમાં બાર જયોતિર્લિંગ ખાતે શ્રદ્ધાળુ શિવમય બન્યા

## દેશના તમામ વિસ્તારોમાં સવારથી બધા મંદિરોમાં ભીડ

અમદાવાદ,તા. ૧૩

દેવાધિદેવ મહાદેવના દેશભરમાં આવેલા બાર જયોતિર્લિંગ ખાતે આજે મહાશિવરાત્રીને લઈ વિશેષ મહાપૂજા અને આરતીના આયોજનો કરાયા હતા. શાસ્ત્રોક્ત દ્રષ્ટિએ પણ અનન્ય મહિમા ધરાવતા દેશના આ ૧૨ જયોતિર્લિંગ ખાતે પણ લાખો-કરોડો શ્રધ્ધાળુ ભકતોએ ભોળાનાથની ભારે શ્રધ્ધા ભકિતથી પૂજા-અર્ચના કરી હતી અને જાણે શિવમય બન્યા હતા. દેશના બાર સુપ્રસિધ્ધ જયોતિર્લિંગમાં ગુજરાતનું સોમનાથ જયોતિર્લિંગ, આંધ્રમાં કૃષ્ણા નદીના કિનારે શ્રીશૈલ પર્વત પર આવેલ શ્રીમલ્લિકાર્જુન જયોતિર્લિંગ, મધ્યપ્રદેશના ઉજજૈનમાં આવેલ એકમાત્ર દક્ષિણમુખી મહાકાલેશ્વર જયોતિર્લિંગ, મધ્યપ્રદેશમાં ઈન્દોર પાસેના ઓમકારેશ્વર જયોતિર્લિંગ, ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગના કેદારનાથ જયોતિર્લિંગ, મહારાષ્ટ્રના પૂણે જિલ્લામાં આવેલું ભીમાશંકર જયોતિર્લિંગ, ઉત્તરપ્રદેશના કાશી ખાતેનું વિશ્વનાથ જયોતિર્લિંગ, મહારાષ્ટ્રના નાસિકમાં સ્થિત ત્ર્યંબકેશ્વર જયોતિર્લિંગ, ઝારખંડના દેવધર જિલ્લામાં આવેલું વૈદ્યનાથ જયોતિર્લિંગ, ગુજરાતના દ્વારકા પાસે આવલે નાગેશ્વર જયોતિર્લિંગ, તામિલનાડુના રામનાથપુરમમાં આવેલ રામેશ્વર જયોતિર્લિંગ અને મહારાષ્ટ્રના દોલતાબાદમાં આવેલ ધૃષ્ણેશ્વર અથવા ધૃષ્મેશ્વર જયોતિર્લિંગનો સમાવેશ થાય છે. શિવપુરાણ, સ્કંદપુરાણ સહિતના શાસ્ત્રોમાં આ બાર જયોતિર્લિંગનો ઉલ્લેખ જોવા મળે છે. આ ભગવાન શિવ-પાર્વતીના સાક્ષાત પરચા પૂરતા બારેય જયોતિર્લિંગ વિશેષ અને અનન્ય મહાત્મ્ય ધરાવતા હોઈ લાખો શ્રધ્ધાળુ ભકતોએ આ તીર્થધામોમાં ભોળાનાથને પ્રસન્ન કરવા ભકિત-ઉપાસના કરી હતી.

### પ્રેરણાતીર્થ જૈન દેરાસર પાસેનો બનાવ

# હિટ એન્ડ રનમાં ગંભીરરીતે ઈજાગ્રસ્ત આધેડનું મોત થયું

## રોડ ક્રોસ કરી રહેલા આધેડને ઈનોવાના ચાલકે જોરદાર ટક્કર મારી ઉડાવ્યા : સેટેલાઈટ પોલીસની ઉંડી ચકાસણી

અમદાવાદ,તા. ૧૩

અમદાવાદ શહેરમાં બેફામ અને પૂરપાટઝડપે વાહનો હંકારી હીટ એન્ડ રનના અકસ્માત સર્જવાના કિસ્સાઓ સતત ચાલુ રહેવા પામ્યા છે. આવા જ એક બનાવમાં ગઈકાલે રાત્રે શહેરના સેટેલાઈટ વિસ્તારમાં પ્રેરણાતીર્થ જૈન દેરાસર પાસે રોડ ક્રોસ કરી રહેલા એક આધેડ વ્યકિતને પૂરપાટઝડપે આવેલા કારચાલકે પોતાના વાહનની જોરદાર ટક્કર મારી હતી. કારની જબરદસ્ત ટક્કરથી આધેડ વ્યકિત હવામાં ફંગોળાઈ હતી અને જમીન પર પટકાઈ હતી. આ અકસ્માતમાં તેને ગંભીર ઈજાઓ થવાના કારણે આખરે સારવાર દરમ્યાન તેનું કરૂણ મોત નીપજયું હતું. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. બીજીબાજુ, આધેડને ટક્કર મારનાર કારચાલક માનવતા નેવે મૂકીને ઘટનાસ્થળેથી નાસી છૂટયો હતો. પોલીસે આ બનાવ અંગે જરૂરી ગુનો દાખલ કરી સીસીટીવી ફુટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, ગઈકાલે રાત્રે શહેરના સેટેલાઈટ વિસ્તારમાં પ્રેરણાતીર્થ જૈન દેરાસર રોડ પાસે સુરેશ સોમાજી ઠાકોર નામની ૪૫ વર્ષીય આધેડ વ્યકિત રોડ ક્રોસ કરી રહી હતી ત્યારે પૂરપાટઝડપે આવેલી ઈનોવા કારના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી ઉડાવ્યા હતા. કારની જોરદાર ટક્કરથી સુરેશ ઠાકોર ફંગોળાયા હતા અને જોરથી જમીન પર પટકાયા હતા, જેનાકારણે તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં તેમને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જયાં આજે વહેલી સવારે તેમનું કરૂણ મોત નીપજયું હતું. મરનાર આધેડ વ્યકિત જોધપુર ગામમાં જ રહેતી હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું. આ બનાવ અંગે મરનારના ભાઈ રમેશ ઠાકોરે સેટેલાઈટ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે હીટ એન્ડ રનનો અકસ્માત સર્જનાર અને ઘટનાસ્થળેથી માનવતા નેવે મૂકી નાસી છૂટનાર ઈનોવા કારના ચાલકની શોધખોળ આરંભી છે. પોલીસે સીસીટીવી ફુટેટના આધારે કારના નંબર અને આરોપીની તપાસ હાથ ધરી છે.

### વર્ષ ૨૦૧૮માં ઝાડા ઉલ્ટીના હજુ સુધી ૬૪૩ કેસ

# અમદાવાદમાં ઝાડા ઉલ્ટીના માત્ર ૧૦ દિનમાં ૧૬૧ કેસો

## કમળાના વર્ષ ૨૦૧૮માં ૨૩૫ અને ટાઈફોઈડના ૨૧૦ કેસ, ઝેરી મેલેરિયાના ૨૨ કેસ નોંધાતા ભારે સનસનાટી

અમદાવાદ, તા.૧૩

અમદાવાદ શહેરમાં ઠંડી અને ગરમીની મિશ્ર સિઝન વચ્ચે મચ્છરજન્ય અને પાણીજન્ય કેસો ફરી એકવાર સપાટી ઉપર આવ્યા છે. વર્ષ ૨૦૧૮ની શરૂઆત થયા બાદથી સાદા મેલેરિયાના ૫૦ કેસો નોંધાઈ ચુક્યા છે જયારે ઝેરી મેલેરિયાના ૨૨ કેસો સપાટી ઉપર આવ્યા છે. ડેંગ્યુના ૩૨ કેસ નોંધાઈ ચુક્યા છે. આવી જ રીતે પાણીજન્ય રોગની વાત કરવામાં આવે તો ઝાડા-ઉલ્ટીના ૬૪૩ કેસ નોંધાઈ ચુકયા છે. જયારે ૨૦૧૮માં હજુ સુધી કમળાના ૨૩૫ અને ટાઈફોઈડના ૨૧૦ કેસ નોંધાયા છે. ફેબ્રુઆરી ૨૦૧૭ દરમિયાન લેવામાં આવેલા ૫૫૦૬૬ લોહીના નમૂના સામે વર્ષ ૨૦૧૮માં ૧૦મી ફેબ્રુઆરી સુધીમાં ૩૦૮૮૬ લોહીના નમૂનાની તપાસ કરવામાં આવી ચુકી છે. હેલ્થ ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા જુદા જુદા વિસ્તારોમાં ફેબ્રુઆરી મહિનામાં ૧૩૯ સીરમ સેમ્પલ લેવામાં આવ્યા છે. આવી સ્થિતિમાં પરિણામને લઈને ચર્ચા છે. આરોગ્ય વિભાગ દ્વારા પાણીજન્ય અને મચ્છરજન્ય રોગને રોકવા વિવિધ પગલા લેવાઈ રહ્યા હોવા છતાં કેસ સપાટી ઉપર આવી રહ્યા છે.અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં સતત ફેરફાર થવાના કારણે રોગચાળાના કેસોમાં વધારો થયો છે. આ અંગેની વિગત એવી છે કે,સમગ્ર રાજયની સાથે અમદાવાદ શહેરમાં પણ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં છેલ્લા કેટલાક દિવસોથી નોંધપાત્ર ફેરફાર થયા છે. આમ આ મોસમમાં મચ્છરજન્ય રોગના કેસોની સંખ્યા વધવી જોઈએ એના બદલે અમદાવાદ શહેરમાં પાણીજન્ય રોગના કેસો વધવા પામતા મ્યુનિસિપલ તંત્રની બેદરકારી છતી થવા પામી છે. ગત વર્ષે પણ અમદાવાદ શહેરમાં પાણીજન્ય રોગની સ્થિતિ લોકોની ફરિયાદોનો સમયસર નિકાલ ન થવાના કારણે વકરવા પામી હતી.મ્યુનિસિપલ કમિશનરે પણ ગત વર્ષે ઈજનેર અને હેલ્થ વિભાગના અધિકારીઓને શહેરના વિવિધ વિસ્તારોમાંથી મળતી પોલ્યુશનની ફરિયાદોનો સમયસર નિકાલ કરવા મામલે અનેક વખત રિવ્યુ બેઠકમાં ઠપકો પણ મળ્યો હતો. આમ છતાં પણ મ્યુનિસિપલ તંત્રમાં ફરજ બજાવતા અધિકારીઓ સામે લાલ આંખ કરવામાં આવી ન હતી. અમદાવાદ શહેરમાં આ વર્ષની શરૂઆતથી હજુ સુધીમાં ઝાડા ઉલ્ટીના કુલ મળીને ૬૪૩ જેટલા કેસ નોંધાવા પામ્યા છે.આ ઉપરાંત પાણીજન્ય એવા કમળાના પણ ૨૩૫ જેટલા કેસ નોંધાવા પામ્યા છે.ઉપરાંત ટાઈફોઈડના કુલ ૨૧૦ કેસ નોંધાવા પામ્યા છે. શહેરમાં મચ્છરજન્ય રોગના કેસની સ્થિતિ અંગે જાણવા મળ્યું છે કે, વર્ષ ૨૦૧૮માં સાદા મેલેરીયાના ૫૦ કેસ અને ઝેરી મેલેરીયાના ૨૨ અને ડેન્ગ્યુના ૩૨ કેસ સપાટી પર આવવા પામ્યો છે. માત્ર ફેબ્રુઆરી મહિનામાં ઝાડા ઉલ્ટીના ૧૦ દિવસના ગાળામાં જ ૧૬૧ કેસો નોંધાઈ ચુક્યા છે.

### વાલીઓમાં પ્રવર્તતી ગૂંચવણના ઉકેલ માટે

# પ્રોવીઝનલ ફી માટે ૪૫૦ સ્કુલોની વિગતો મંગાવાઈ

## પ્રોવીઝનલ ફી માળખુ નક્કી કરવાના ભાગરૂપે સ્કુલોની યાદી અને તમામ વિગતો ગુજરાત સરકાર દ્વારા મંગાવાઈ

અમદાવાદ,તા. ૧૩

ગુજરાતના સરકારના ફી નિર્ધારણ કાયદાને ગુજરાત હાઈકોર્ટની બહાલી અને સુપ્રીમકોર્ટ દ્વારા તેમાં વાલીઓના પ્રતિનિધિત્વને સમાવી નવેસરથી ફી રેગ્યુલેશન કમીટીની રચના અંગે કરાયેલા વચગાળાના આદેશ બાદ હજુ પણ શાળા સંચાલકો અને વાલીઓ વચ્ચેની તનાતની અને ઘર્ષણ ચાલુ જ રહ્યા છે. ફી માળખાને લઈ શાળા સંચાલકો અને વાલીઓ હજુ પોતપોતાના અર્થઘટન પર અડી રહ્યા છે અને તેને લઈ વિવાદ વકરી રહ્યો છે. તાજેતરમાં જ પ્રોવીઝનલ ફી ગૂંચવણના મામલે શાળા સંચાલકો અને વાલીઓ તરફથી રાજય સરકારના શિક્ષણવિભાગમાં ઉગ્ર રજૂઆત પણ કરાઈ હતી. જેને પગલે હવે સરકાર દ્વારા પ્રોવીઝનલ ફી માળખુ નક્કી કરવાના ભાગરૂપે રાજયની આશરે ૪૫૦ જેટલી શાળાઓની યાદી અને વિગતો મંગાવવામાં આવી છે. સરકાર દ્વારા મંગાવાયેલી યાદીમાં ગુજરાત બોર્ડ ઉપરાંત, સીબીએસઈ બોર્ડ અને ઈન્ટરનેશનલ બોર્ડની શાળાઓનો પણ સમાવેશ થાય છે. શિક્ષણવિભાગના નિષ્ણાતો દ્વારા પ્લે ગ્રુપથી લઈ ધોરણ-૧૨ સુધીની આ શાળાઓમાં વિદ્યાર્થીની સંખ્યા, ફીની વિગતો, સુવિધાઓ અને વિદ્યાર્થીદીઠ કરાતા ખર્ચ સહિતની વિગતો ચકાસશે અને ત્યારબાદ ચોકસાઈપૂર્વકનું પ્રોવીઝનલ ફી માળખુ ઘડવાની દિશામાં કવાયત હાથ ધરશે. શિક્ષણ વિભાગ દ્વારા રાજયના દરેક જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી(ડીઈઓ) પાસેથી પ્રોવીઝનલ ફી નક્કી કરવા માટે જિલ્લાદીઠ મંગાવેલી ૧૫ શાળાઓની યાદીમાં પાંચ શાળા ગુજરાત બોર્ડની, પાંચ શાળા સીબીએસઈ બોર્ડની અને પાંચ શાળા ઈન્ટરનેશનલ બોર્ડની સમાવાઈ છે, તેથી દરેક જિલ્લાના ડીઈઓએ આ મુજબની શાળાની વિગતો સરકારને મોકલવાની રહેશે. કેટલાક જિલ્લા ડીઈઓ દ્વારા આ પંદર શાળાઓની યાદી તૈયાર પણ કરી દેવાઈ છે.

### સ્વાઈન ફ્લુના છુટાછવાયા કેસો સપાટી ઉપર

# સ્વાઈન ફ્લુ લીધે મહિલાનું મોત થતા ભારે સનસનાટી

## અમદાવાદ ખાતે એક અને પાટણમાં સ્વાઈન ફ્લુથી બેના મોત થઈ ચુક્યા છે : કેસોની સંખ્યા વધવાની પણ દહેશત

અમદાવાદ,તા. ૧૩

અમદાવાદ શહેરમાં ખાનગી હોસ્પિટલમાં સ્વાઈન ફ્લુના કારણે એક મહિલાના મોતના સમાચાર સપાટી ઉપર આવતા ખળભળાટ મચી ગયો છે. સ્વાઈન ફ્લુની અસર થયા બાદ ૬૨ વર્ષીય મહિલાને અમદાવાદમાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. મહિલાનું મોત થોડાક દિવસ પહેલા થઈ ગયું હતું પરંતુ વિગતો હવે સપાટી ઉપર આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ હવે મોટેરા વિસ્તારની આ મહિલાનું મોત સ્વાઈન ફ્લુના કારણે થયું હોવાના અહેવાલને સમર્થન આપ્યું છે. મોટેરા વિસ્તારમાં વિતેલા વર્ષોમાં પણ આ રોગના કેસો નોંધાઈ ચુક્યા છે. મહિલાને છેલ્લા ૧૦ દિવસથી ઊંચા તાવની અસર હતી. ત્યારબાદ આ મહિલાને શહેરના ચાંદખેડા વિસ્તારમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પાંચ દિવસ સુધી આ મહિલા સારવાર હેઠળ રહી હતી. આ મહિલાની તબિયત હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ સતત વધારે ખરાબ થઈ રહી હતી. આ મહિલાનું હાર્ટ અને શ્વાસની તકલીફના કારણે સારવાર દરમિયાન મોત થઈ ગયું હતું. એએમસીના અધિકારીઓનું કહેવું છે કે, દર્દીએ અગાઉ તબીબી ચકાસણી કરાવી ન હતી. બીજી બાજુ શહેરના આરોગ્ય વિભાગના કહેવા મુજબ સ્વાઈન ફ્લુના છુટાછવાયા કેસો હજુ પણ સપાટી ઉપર આવી રહ્યા છે. સ્વાઈન ફ્લુને કાબૂમાં લેવા માટે તંત્ર તરફથી તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સોમવારના દિવસે પાટણની ધારપુર મેડિકલ કોલેજમાં સ્વાઈન ફ્લુના કારણે સાઉદી અરેબિયાથી આવેલી ૫૨ વર્ષીય એનઆરઆઈનું મોત થયું હતું. તેમના પત્નિ પણ સ્વાઈન ફ્લુ વાયરસથી ગ્રસ્ત હોવાની શંકાના આધારે તપાસ ઉપર હતા. ત્રણ મહિના પહેલા આ દંપત્તિ પોતાના વતન પાટણમાં આવ્યું હતું અને પાટણમાં કાલીબજારમાં રહેતું હતું.

### બનાસકાંઠા જિલ્લા પંચાયતની ચૂંટણી પૂર્વે ફટકો

# ભાજપમાં ભંગાણ : પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર જોષી કોંગ્રેસમાં જોડાયા

## ટિકિટ ફાળવણીમાં કથિત ગેરરીતિ પ્રકરણમાં કોંગ્રેસે તેના જિલ્લા પ્રમુખ ઝાકીર ચૌહાણને હોદ્દા પરથી હટાવી દીધા

અમદાવાદ,તા. ૧૩

બનાસકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર જોષી આજે તેમના સેંકડો સમર્થકો સાથે કોંગ્રેસમાં જોડાતાં બનાસકાંઠા જિલ્લા ભાજપમાં સ્થાનિક જિલ્લા પંચાયતની ચૂંટણી પહેલાં જ મોટું ભંગાણ સર્જાયું હતું. બનાસકાંઠા જિલ્લા ભાજપમાં ભંગાણને લઈ ભાજપની છાવણીમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું કારણ કે, તા.૨૧મી ફેબ્રુઆરીએ બનાસકાંઠા જિલ્લા પંચાયતની મહત્વની ચૂંટણી યોજાવા જઈ રહી છે તે પહેલાં જ ભાજપને મોટો ઝટકો વાગ્યો છે. બનાસકાંઠા જિલ્લા ભાજપમાં ભંગાણને પગલે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પહેલા ફરી એકવાર ગુજરાતનું રાજકારણ ગરમાયું હતું. બનાસકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર જોષી અગાઉ કોંગ્રેસમાથી ભાજપમાં જોડાયા હતા પરંતુ હવે તેઓ બનાસકાંઠા જિલ્લા પંચાયતની ચૂંટણીને માત્ર અઠવાડિયું બાકી છે તે પહેલાં અચાનક જ તેમના સેંકડો સમર્થકો અને ચુસ્ત ટેકેદારો સાથે આજે વિધિવત્ રીતે ફરી પાછા પોતાના જૂના પક્ષ એવા કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા. બનાસકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર જોષી આજે તેમના સમર્થકો સાથે કોંગ્રેસમાં જોડાતાની સાથે જ બનાસકાંઠા જિલ્લા ભાજપમાં મોટું ભંગાણ સર્જાયું હતુ, પ્રદેશ મોવડીમંડળના નેતાઓ બનાસકાંઠા જિલ્લા પંચાયતની ચૂંટણી પહેલાં જ પડેલા આટલા મોટા ગાબડાથી દોડતા થઈ ગયા હતા. વિધાનસભા ચૂંટણીમાં ગામડાઓમાં જોરદાર પછડાટ ખાધા બાદ હવે જિલ્લા-તાલુકા અને નગરપાલિકાઓની ચૂંટણીમાં ભાજપની શાખ દાવ પર લાગી છે ત્યારે આજનો રાજકીય ઘટનાક્રમ ભાજપ માટે મોટા ઝટકાસમાન હોવાનું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે અને તેથી જ ભાજપે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે પણ ડેમેજ કંટ્રોલની કવાયત શરૂ કરી દીધી છે. દરમ્યાન બીજીબાજુ, બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીર ચૌહાણને કોંગ્રેસે આજે હોદ્દા પરથી દૂર કર્યા હતા અને તેમના સ્થાને કાર્યકારી પ્રમુખ તરીકે દિનેશ ગઢવીને નિમણૂંક કરી હતી. ટિકિટ ફાળવણીમાં કથિત ગેરરીતિના પ્રકરણમાં કોંગ્રેસ પક્ષ દ્વારા શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ ઝાકીર ચૌહાણને હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા હતા.

### શહેરના નારણપુરા વિસ્તારમાં તસ્કરો ત્રાટક્યા

# બેંક કેશિયરના આવાસે ૩૪ તોલા સોનાની કરાયેલી ચોરી

## કેશિયર અને તેમનો પરિવાર શ્રીનાથજી દર્શન કરવા ગયો ત્યારે તસ્કરોએ સ્થિતિનો લાભ ઉઠાવ્યો : પોલીસ તપાસ

અમદાવાદ,તા. ૧૩

શહેરના નારણપુરા વિસ્તારમાં નિર્મલ એપાર્ટમેન્ટ ખાતે રહેતા અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની વસ્ત્રાપુર શાખામાં ફરજ બજાવતાં કેશિયરના ઘરમાં અજાણ્યા તસ્કરોએ ત્રાટકી રૂ.૩૪ તોલાના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી તરખાટ મચાવ્યો હતો. ચોરીના આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. આશ્ચર્યની વાત તો એ હતી કે, કેશિયર અને તેમનો પરિવાર ભગવાન શ્રીનાથજીના દર્શન કરવા ગયા હતા એ દરમ્યાન તસ્કરોએ તેમના ઘરમાં હાથ સાફ કર્યો હતો. આ બનાવ અંગે બેંકના કેશિયર દ્વારા નારણપુરા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે, જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના નારણપુરા વિસ્તારમાં જયમંગલ બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે આવેલા નિર્મલ એપાર્ટમેન્ટ ખાતે રહેતાં દિલીપભાઈ બ્રહ્મભટ્ટ વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં કેશીયર તરીકે ફરજ બજાવે છે. તા.૧૦મી ફેબ્રુઆરીના રોજ તેઓ સવારે પરિવાર સાથે શ્રીનાથજી દર્શન કરવા માટે નીકળ્યા હતા. બીજા દિવસે બપોરના ૧૨ વાગ્યાની આસપાસ તેમની નીચેના મકાનમાં રહેતા વસંતભાઈએ તેમને ફોન કરીને જણાવ્યું હતું કે, તમારા મકાનનું તાળુ તૂટેલું છે, આ સાંભળી દિલીપભાઈ તેમના પરિવાર સાથે તાત્કાલિક અમદાવાદ દોડી આવ્યા હતા અને ઘરમાં આવીને જોયું તો, તેમની પત્ની, પુત્રી અને પુત્રના સોના-ચાંદીના દાગીના મળી કુલ ૩૪ તોલાના દાગીનાની ચોરી થઈ હોવાનું જણાયું હતું. અજાણ્યા તસ્કરો ઘરમાંથી રૂ.૫૧ હજારની રોકડરકમ પણ ચોરી ગયા હતા. ચોરીના આ બનાવ અંગે દિલીપભાઈએ નારણપુરા પોલીસમથકમાં જાણ કરતાં પોલીસનો કાફલો તુર્ત જ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તપાસ શરૂ કરી હતી. દિલીપભાઈએ સમગ્ર બનાવ અંગે નારણપુરા પોલીસમથકમાં ફરિયાદ પણ નોંધાવી હતી, જેના આધારે પોલીસે તેમના ઘરમાં ત્રાટકેલા અજાણ્યા તસ્કરોને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

ચેલેન્જર

DATE : 14/02/2018, WEDNESDAY (4)

અમદાવાદ - ગાંધીનગર આવૃત્તિ

: અમદાવાદ બ્યુરો ઓફિસ :
અંબિકા ઓફસેટ, પ્લોટ નં.૨૫, સાંઈબાબા મંદિરની બાજુમાં,બંગ્લો એરિયા,કુબેરનગર, અમદાવાદ - વોટ્સઅપ : ૯૪૨૮૯૯૯૩૦૬

: ગાંધીનગર કાર્યાલય :
પ્લોટ નં. ૩૪૩/૨, બ્લોક - સી, સેક્ટર-૧૨, ગાંધીનગર.
વોટ્સઅપ : ૯૪૨૭૫૬૧૧૮૦

ઉનાળામાં વીજની માંગ વધી જવાની શક્યતા

# પાણી સાથે સાથે ગુજરાતમાં વીજ કટોકટીના સ્પષ્ટ સંકેતો

## હવે માંગને પહોંચી વળવા માટે ગુજરાત સરકારને ઓપન માર્કેટમાંથી વીજળી ખરીદવાની ફરજ પડી શકે : રિપોર્ટ

અમદાવાદ,તા. ૧૩

ઉનાળાના દિવસોમાં પાણીની સાથે સાથે ગુજરાતમાં હવે વીજ કટોકટી રહેવાના સંકેત દેખાઇ રહ્યા છે. આવી સ્થિતીમાં ગુજરાત સરકારને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. ગુજરાત સરકારે પહેલાથી જ કબુલાત કરી છે કે ઉનાળાના દિવસોમાં પાણીની કટોકટી સર્જાઇ શકે છે. હવે વીજળી કટોકટીના એંધાણ પણ દેખાઇ રહ્યા છે. ગુજરાત સરકાર છેલ્લા કેટલાક સમયથી જુદી જુદી માંગને લઇને પરેશાન છે. વિવિધ સંવેદનશીલ મુદ્દાનો સામનો પહેલાથી જ કરી રહી છે. વીઝળીની કટોકટી ઉભી થવાની સ્થિતીમાં ગુજરાત સરકારને માંગને પહોંચી વળવા માટે ઓપન માર્કેટમાંથ વીજળી ખરીદવાની ફરજ પડી શકે છે. તમામ ઘટનાક્રમ પર નજર રાખનાર સુત્રોએ કહ્યુ છે કે વીજળીની માંગ વધવાની શરૂઆત પહેલાથી જ થઇ ચુકી છે. આ માંગણી હજુ ઝડપથી વધી શકે છે. ગરમીમાં વીજળીની માંગ હમેંશા વધારે રહે છે. એક અગ્રણી અંગ્રેજી અખબારે માહિતી આપતા કહ્યુ છે કે ગુજરાતમાં હવે ઠંડીની સિઝન પૂર્ણ થઇ ચુકી છે. ૩૦૦૦ મેગાવોટની ક્ષમતા સાથે કોલસા આધારિત પાવર પ્લાન્ટ અને ૫૦૦૦ મેગાવોટ ક્ષમતા સાથેના ગેસ આધારિત પ્લાન્ટ બંધ થવાના કારણે કેટલીક તકલીફ રહેલી છે.હાલમાં ઓપન ગ્રીડમાંથી ૪૦૦ મેગાવોટની ખરીદી કરવામાં આવી રહી છે. સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે હાલમાં માંગ ૧૧૮૦૦ મેગાવોટ છે. ગયા વર્ષે પીક માંગ ૧૫૫૭૦ મેગાવોટ હતી. ગયા વર્ષની તુલનામાં વીજળીની માંગમાં સાતથી ૧૦ ટકા સુધીનો વધારો થઇ શકે છે. બંધમાં પાણીની ઓછી સપાટીના કારણે આ સિઝનમાં જમીની પાણીની તંગી પણ રહેનાર છે. ભૂગર્ભ જળને લઇને પણ ચિંતા પ્રવર્તી રહી છે. અત્રે નોંધનીય છે કે ગયા વર્ષે ગુજરાત સરકારે ૧૨૦૦ કરોડ રૂપિયાની વીજળીની ખરીદી કરી હતી. આ વખતે આંકડો ૧૫૦૦ કરોડની આસપાસ પહોંચી શકે છે.

ફાઈવ એ-સાઈડ ફુટબોલ ટુર્નામેન્ટ રોચક બની

# અમદાવાદ કવાર્ટરબેક્સ ટીમ આખરે ફાઈનલમાં પ્રવેશી ગઈ

અમદાવાદ, તા.૧૩

ગ્લોબલ ફાઈવ એ-સાઈડ ફુટબોલ ટુર્નામેન્ટ નેમાર જુનિયર ફાઈવના અમદાવાદ ખાતે યોજાયેલા સીટી કવોલિફાયર્સ રાઉન્ડમાં કવાર્ટર બેકસ ટીમે સ્ટેપર્સને ૦-૦ના ફુલટાઈમ પછી ગોલ્ડન ગોલથી પછાડીને માર્ચમાં રમાનાર નેશનલ ફાઈનલમાં અમદાવાદનું પ્રતિનિધિત્વ પાકું કર્યુ છે. શહેરના થલતેજ વિસ્તારમાં ઈન્દ્રભવન રોડ પર રેકેટ એકેડમી ખાતે આ સીટી કવોલિફાયર્સ યોજાઈ હતી, જેમાં ૬૨ ટીમોએ પ્રદર્શન કર્યું હતુ અને અમદાવાદમાંથી કવાર્ટરબેક્સ ટીમ નેઈમાર જુનિયર્સ ફાઈવ-૨૦૧૮ની ફાઈનલમાં સ્થાન મેળવવામાં સફળ રહી હતી. નેઈમાર જુનિયર્સ ફાઈવ, એનર્જી ડ્રિંક જાયન્ટ રેડ બુલ દ્વારા આયોજિત અને વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠિત ફાઈવ ઓન ફાઈવ ફુટબોલ ટુર્નામેન્ટ નેમાર જુનિયર ફાઈવનો સીટી કવોલિફાયર્સ રાઉન્ડ તા.૧૩ મી જાન્યુઆરીથી શરૂ થયો હતો અને અમદાવાદ, મુંબઈ, પૂણે, ગોવા, દિલ્હી, ઐઝવાલ, ચંદીગઢ, ગુવાહાટી, કોલકાતા, બેંગ્લોર, હૈદ્રાબાદ, ચેન્નાઈ, કોચી અને શિલોન્ગ સહિતના ૧૪ શહેરોમાં સીટી કવોલિફાયર્સ ફુટબોલ મેચ રમાઈ રહી છે. વિજેતા ટીમો માર્ચ-૨૦૧૮માં નેમાર જુનિયર્સ ફાઈવની રાષ્ટ્રીય ફાઈનલમાં ટકરાશે અને વિજેતા ટીમને જૂલાઈમાં બ્રાઝિલમાં નેમાર જુનિયર્સ ફાઈવ-૨૦૧૮માં ભાગ લેવાની તક મળશે. સ્થળ અને ભાગ લેનારાઓની દ્રષ્ટિએ દેશમાં આ સૌથી મોટી ફાઈવ એ-સાઈડ ફુટબોલ ટુર્નામેન્ટ છે. ફિફા અન્ડર-૧૭ વર્લ્ડ કપ પૂર્વ ચાર દિવસ લાંબા ફુટબોલ ફેસ્ટીવલના ભાગરૂપે ડીવાય પાટીલ સ્ટેડિયમ ખાતે ફુટસલ અરેનામાં સપ્ટેમ્બર-૨૦૧૭માં નેઈમાર જુનિયર ફાઈવની ત્રીજી આવૃતિની પ્રિ-કવોલિફાયર્સ શરૂ થઈ હતી. મહાન ફુટબોલર્સ કયારેય મોટી કલબો કે મોટા સ્ટેડિયમોમાં તૈયાર થતા નથી તેવી માન્યતા પર આધારિત આ ટુર્નામેન્ટ છે અને તેથી જ તે દેશના જુદા જુદા હિસ્સાઓમાંથી ઉત્કૃષ્ટ ફુટબોલ પ્લેયર્સને શોધી તેમને પોતાનું કૌશલ્ય દર્શાવવાનું એક અદ્દભુત પ્લેટફોર્મ પૂરું પાડે છે. નેઈમાર જુનિયર્સ ફાઈવ સમગ્ર દેશમાં ફુટબોલ ચાહકોને તેમની કુશળતાનો ઉપયોગ કરી સફળતાનો માર્ગ કંડારવાની અને બ્રાઝિલમાં દેશનું પ્રતિનિધિત્વ કરવાની તક પૂરી પાડશે. નેઈમાર જુનિયર્સ ફાઈવમાં પાંચ-પાંચ ખેલાડીઓની બે ટીમોને ગોલકીપર વગર દસ મિનિટ સુધી તેનું કૌશલ્ય બતાવવાની તક મળશે. ટુર્નામેન્ટની સૌથી રોમાંચક વાત એ છે કે, એક ટીમ દ્વારા કરવામાં આવતા પ્રત્યેક ગોલ વખતે સામેની ટીમના એક ખેલાડીએ મેદાન છોડી દેવાનું હોય છે. મેચમાં દસ મિનિટ બાદ સૌથી વધુ ખેલાડીઓ હોય(ગોલ કર્યા હોય) અથવા સામેની ટીમના બધા જ ખેલાડીને મેદાન પરથી દૂર કર્યા હોય તે ટીમ જીતી જાય છે. બંને ટીમો સમાન સંખ્યામાં ગોલ કરે અથવા કોઈ ગોલ ના થાય તો મેચ ડ્રો થાય છે. પ્રત્યેક ટીમના ત્રણ ખેલાડી ૧૬થી ૨૫ વર્ષના અને બે ખેલાડીઓ ૨૫ વર્ષથી વધુની વયના હોવા જોઈએ તેવો ક્રાયટેરિયા છે.

શિવભક્તોએ ભારે ઉત્સાહ સાથે ઉજવણી કરી

# શિવાલયો ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજ્યા

## સોમનાથ-નાગેશ્વર મહાદેવ ખાતે તો શિવભકતોનું ઘોડાપૂર ઉમટયુ : મોડી રાત સુધી શિવાલયોમાં ભોળાનાથના દર્શન





અમદાવાદ,તા. ૧૩

આજે મહાશિવરાત્રિ હોઇ અમદાવાદ શહેર સહિત રાજયભરના શિવાલયો હર..હર...મહાદેવ, ઓમ નમઃ શિવાયના ભકિતનાદથી ગુંજી ઉઠયા હતા. વહેલી સવારથી જ શિવભકતોએ પવિત્ર જળ, દૂધ, બિલીપત્ર, ગુલાબ સહિતના પુષ્પ, કાળા તલ સહિત અન્ય ધનધાન્યથી શિવજીના અભિષેક માટે લાંબી લાઇનો લગાવી હતી. ઓમ નમઃ શિવાય, મહામૃત્યુંજય મંત્રના પવિત્ર ઉચ્ચારણ સાથે ભોળાનાથના શિવલિંગને ભવ્ય અભિષેક કરવામાં આવ્યા હતા. ૫૧ વર્ષો બાદ એવો સંયોગ આવ્યો હતો કે, મહાશિવરાત્રિ મંગળવારે આવી હતી એટલે કે, ભૌમ પ્રદોષે આ વખતે મહાશિવરાત્રિ આવી હતી. મંગળવાર એટલે હનુમાનજીનો વાર હોઇ અને હનુમાનજી પોતે પણ શિવજીનો જ અવતાર હોઇ લાખો શ્રધ્ધાળુ ભકતોએ આજે ભારે ઉત્સાહ અને ભકિતભાવપૂર્વક મહાશિવરાત્રિના પર્વની ઉજવણી કરી હતી. રાજયના સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવ અને દ્વારકા પાસેના નાગેશ્વર મહાદેવ ખાતે તો શ્રધ્ધાળુ ભકતો કિડિયારાની જેમ ઉભરાયા હતા અને મહાશિવરાત્રિના પર્વ નિમિતે ભોળાનાથના દર્શન કરી આશીર્વાદ મેળવવા રીતસરની પડાપડી કરી હતી. મહાશિવરાત્રિના પર્વને લઇ અમદાવાદ શહેર સહિત રાજયભરના શિવમંદિરોમાં શિવજીના અભિષેક-બિલીપત્રની પૂજા, આરતીના વિશેષ આયોજનો કરવામાં આવ્યા હતા. સુપ્રસિધ્ધ સોમનાથ મંદિરમાં આજે મહાશિવરાત્રિને લઇ ભોળાનાથની વિશેષ પૂજા-આરતી અને મહામૃત્યુંજય યજ્ઞ સહિતના આયોજનો કરવામાં આવ્યા હતા. સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર આ વર્ષે મહાશિવરાત્રિના પર્વને લઇ ખાસ કરીને ભકતોને ભોળાનાથના શાંતિથી દર્શન થઇ શકે તે હેતુથી અવિરતપણે ૪૨ કલાક ખુલ્લુ રાખવામાં આવ્યું હતુ તો, સોમનાથ મંદિર અને સમગ્ર પરિસરને ઝળહળતી રોશની અને અનેક આકર્ષણોથી શણગારી નયનરમ્ય રીતે સુશોભિત કરાયું હતું. આજે વહેલી પરોઢે ચાર વાગ્યે સોમનાથ દાદાની ભવ્ય પૂજા-આરતી કરાઇ હતી, ત્યારબાદ સવારે ૬-૦૦ વાગ્યે મહાશિવરાત્રિને લઇ ખાસ મહાપૂજા, સવારે ૭-૦૦ વાગ્યે સોમનાથ મહાદેવની ભવ્ય આરતી, સવારે ૭-૩૦ વાગ્યે મહામૃત્યુંજય યજ્ઞ, સવારે ૮-૦૦ વાગ્યે મંદિરનો ધ્વજારોહણ, ૮-૩૦ વાગ્યે લઘુરૂદ્રના કાર્યક્રમોનું આયોજન કરાયું હતુ. આજે મહાશિવરાત્રિ નિમિતે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના પરિવારજનો તરફથી મંદિરમાં ધજાપૂજા કરવામાં આવી હતી. સવારે ૯-૦૦ વાગ્યે સોમનાથ દાદાની પાલખી યાત્રા નીકાળવામાં આવી હતી, જેમાં એક યાત્રા મંદિર પરિસરમાં અને એક વેરાવળથી નીકળી હતી. બપોરે ૧૨-૦૦ વાગ્યે દાદાની મધ્યાહ્ન આરતી, સાંજે ૪થી ૮-૩૦ સુધી શૃંગારદર્શન, સાંજે ૭-૦૦ વાગ્યે સંધ્યા આરતી થઇ હતી. ત્યારબાદ મહાશિવરાત્રિને લઇ રાત્રે ૯-૩૦ વાગ્યે પ્રથમ પ્રહરની આરતી, ૧૨-૩૦ વાગ્યે દ્વિતીય પ્રહરની, રાત્રે ૩-૩૦ વાગ્યે તૃતીય પ્રહર અને વહેલી સવારે ૫-૩૦ વાગ્યે ચતુર્થ પ્રહરની આરતી કરવામાં આવી હતી. દ્વારકા પાસેના નાગેશ્વર મહાદેવ ખાતે પણ શિવભકતોનું ઘોડાપૂર ઉમટયુ હતુ, નાગેશ્વર મહાદેવની પણ આજે વિશેષ પૂજા-આરતી અને શણગાર કરવામાં આવ્યા હતા. આ જ પ્રકારે આજના મહાશિવરાત્રિના પવિત્ર પર્વને લઇ શહેરના લોગાર્ડન વિસ્તારમાં આવેલા સમર્થેશ્વર મહાદેવ, સારંગપુરના પ્રાચીન કર્ણમુકતેશ્વર મહાદેવ, સોલારોડ પર આવેલા નીલકંઠ મહાદેવ, સેટેલાઇટના બિલેશ્વર મહાદેવ, રાયપુર વિસ્તારના ચકલેશ્વર મહાદેવ, રખિયાલના ચકુડિયા મહાદેવ, ઇશ્વરભુવન પાસેના ચંદ્રમૌલેશ્વર મહાદેવ, સેન્ટઝેવિયર્સ લોયલા, મેમનગર પાસેના કામનાથ મહાદેવ, નારણપુરા અંકુર ચાર રસ્તા પાસેના કામેશ્વર મહાદેવ, જોધપુર ટેકરા ખાતેના શિવાનંદ આશ્રમ સહિતના શિવમંદિરોમાં ભોળાનાથની પૂજા, આરતી અને અભિષેકના વિશેષ આયોજન કરવામાં આવ્યા હતા. પ્રાંતિજ પાસેના સુપ્રસિધ્ધ માર્કેન્ડેશ્વર મહાદેવ, ગાંધીનગર સ્થિત કોટેશ્વર મહાદેવ, ધોળેશ્વર મહાદેવ સહિતના શિવાલયોમાં પણ ભોળનાથની વિશેષ પૂજા-આરતી સહિતના ધાર્મિક કાર્યક્રમોના આયોજન કરવામાં આવ્યા હતા. શહેર સહિત રાજયના તમામ શિવાલયોમાં આજે લાખો શ્રધ્ધાળુ ભકતોએ પૂરા ભકિતભાવ અનએ શ્રધ્ધા સાથે યથાશકિત જળ-દૂધ, બિલીપત્ર, ગુલાબ સહિતના પુષ્પો, કાળા તલ સહિતના ધનધાન્યનો અભિષેક કર્યો હતો અને ભોળાનાથને રીઝવવાનો, પ્રસન્ન કરવાનો પ્રયાસ કર્યો હતો. મોડી રાત સુધી શ્રધ્ધાળુ ભકતોની ભારે ભીડ શિવાલયોમાં જોવા મળી હતી. શિવભકતોએ મોડી રાત સુધી ભોળાનાથની પૂજા-ભકિત ચાલુ રાખ્યા હતા. શિવમંદિરોમાં આજે શ્રધ્ધાળુ ભકતો માટે ભાંગનો પ્રસાદની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. શિવભકતો સહિતના લાખો શ્રધ્ધાળુ ભકતોના ઓમ નમઃ શિવાય, હર..હર..મહાદેવ, જય ભોલે બાબાના ભકિતનાદથી રાજયભરના શિવાલયો આજે સતત ગુંજતા રહ્યા હતા. ભોળાનાથ એ દેવોના પણ દેવ છે એટલે તો એ દેવાધિદેવ કહેવાય છે. તેમનું નામ જ ભોળનાથ છે એટલે કે, સ્વભાવના ભોળા હોવાથી ભકતો પર જલ્દીથી પ્રસન્ન થાય છે. મહાશિવરાત્રિની સાચા દિલથી પૂજા ભકિત કરનારની ભોળાનાથ અવશ્ય મનોકામના પૂર્ણ કરે છે અને તેથી જ આજના મહાશિવરાત્રિના પવિત્ર દિવસે શ્રધ્ધાળુ ભકતો માટે ભોલેબાબા પાસેથી વરદાન માંગવાનો સોનેરી અવસર બની રહ્યો હતો. દેવોના પણ દેવ હોવાછતાં મહાદેવ એટલા ભોળા દેવ છે કે તેઓ માત્ર બસ એક લોટા જળના અભિષેકથી પ્રસન્ન થઇ જાય છે.... ઓમ નમઃ શિવાય.

ઉપપ્રમુખ તરીકે પ્રફુલ છાજેડ ચૂંટાયા

# આઈસીએઆઈના નવા પ્રમુખ તરીકે નવીન ગુપ્તા

અમદાવાદ,તા. ૧૩

ધી ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા(આઈસીએઆઈ)ના નવા પ્રમુખ તરીકે સીએ નવીન એનડી ગુપ્તા અને ઉપપ્રમુખ તરીકે સીએ પ્રફુલ પી.છાજેડ ચૂંટાઈ આવ્યા છે. ચૂંટાયેલા બંને પદાધિકારીઓનો આઈસીએઆઈના હોદ્દેદારો અને દેશભરની વિવિધ બ્રાંચના પદાધિકારીઓ દ્વારા શુભેચ્છા-અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ધી ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)ની ગઈકાલે યોજાયેલી વાર્ષિક મીટીંગમાં વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષ માટેના પ્રમુખ, ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારોની ચૂંટણી યોજવામાં આવી હતી. બેઠકમાં સર્વાનુમતે આઈસીએઆઈના પ્રમુખ તરીકે સીએ નવીન એનડી ગુપ્તા અને ઉપપ્રમુખ તરીકે સીએ પ્રફુલ પી.છાજેડ ચૂંટાઈ આવ્યા હતા. દિલ્હી સ્થિત સીએ નવીન એનડી ગુપ્તા ૨૨ વર્ષનો વ્યવસાયિક અનુભવ ધરાવે છે. ઈન્કમ ડિસ્કલોઝર ૨૦૧૬ સ્કીમ વખતે તેમની ભૂમિકા મહત્વની રહી હતી. તેઓ આઈસીએઆઈની સેન્ટ્રલ કાઉન્સીલના છેલ્લા નવ વર્ષથી મેમ્બર છે. જયારે ઉપપ્રમુખપદે ચૂંટાયેલા મુંબઈ સ્થિત સીએ પ્રફુલ છાજેડ ૨૦ વર્ષનો વ્યવસાયિક અનુભવ ધરાવે છે. તેઓ ઓડિટીંગ અને ટેક્સેશનમાં નિપુણતા ધરાવે છે.

# જીએસટી વસુલી આંકડો એક ટ્રિલિયન ઉપર જશે

નવીદિલ્હી,તા. ૧૩

જીએસટીમાંથી મહેસુલી આંકડો આ નાણાંકીય વર્ષના અંત સુધી એક લાખ કરોડ સુધી પહોંચી જશે. સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા કરચોરી વિરોધી પગલા અસરકારક સાબિત થઈ રહ્યા છે. ઈ-વે બિલ અમલી કરવામાં આવી રહ્યા છે. નાણામંત્રાલયના અધિકારીઓ દ્વારા આજે આ મુજબની વાત કરવામાં આવી હતી. અધિકારીઓના કહેવા મુજબ એક વખતે જીએસટી રિટર્ન ફાઈલિંગની પ્રક્રિયા સંપૂર્ણપણે સ્થિર થઈ ગયા બાદ ડિરેક્ટોરેટ જનરલ ઓફ એનાલીસીસ એન્ડ રિસ્ક મેનેજમેન્ટ નવી વ્યવસ્થાને અમલી કરશે. સરકારે ૨૦૧૮-૧૯ના નાણાંકીય વર્ષમાં જીએસટીમાંથી ૭.૪૪ લાખ કરોડ રૂપિયાની વાત કરી છે.

રતનપોળમાં રસ્તા અંગેનો પ્રોજેકટ અટવાયો

# રતનપોળ ખાતે ચાલવું જોખમી બન્યુ :ફ્રેક્ચર થવાનો પણ ભય

અમદાવાદ,તા. ૧૩

અમદાવાદ શહેરની આગવી ઓળખ સમી રતનપોળ તેની બિસ્માર સ્થિતિને લઇ ચર્ચાનું કેન્દ્ર બની છે. દેશ અને દુનિયામાં સાડી, ચણિયાચોળી, સલવાર કે શેરવાની સહિતના લેટેસ્ટ ટ્રેન્ડ અને ભાતભાતની એકથી એક ચઢિયાતી પેટર્નના વસ્ત્રો માટે રતનપોળ ભારે ખ્યાતિ ધરાવે છે. ખાસ કરીને લગ્નસરા સહિતના શુભપ્રસંગો માટે લોકો દૂરદૂરથી ખાસ રતનપોળમાં ખરીદી કરવા માટે આવતા હોય છે. રતનપોળના મહાજન માર્કેટનું દૈનિક ટર્નઓવર જ હજારો કરોડમાં થવા જાય છે પરંતુ છેલ્લા દોઢ મહિનાથી રતનપોળમાં ગાંધીરોડ અને ગોલવાડથી લઇ રિલીફરોડ સુધીના આખા પટ્ટાના રસ્તાને બિલકુલ ખોદી કાઢવામાં આવ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રતનપોળમાં આરસીસી-પીસીસી રોડ અને પેવર બ્લોક નાંખી તેની કાયાપલટ કરવાનો એક ઉત્સાહી પ્રોજેકટ હાથ ધર્યો હતો, જે પંદર દિવસમાં પૂર્ણ કરવાની અમ્યુકો સત્તાધીશોએ બડાઇઓ હાંકી હતી પરંતુ આજે દોઢ મહિના બાદ પણ કામગીરી પૂર્ણ થઇ નહી હોવાના કારણે સેંકડો વેપારીઓ-મહાજનો હેરાન-પરેશાન સાથે ત્રાહિમામ્ પોકારી ગયા છે. હાલ લગ્નસરાની મોસમ ચાલી રહી છે ત્યારે વેપારીઓ વેદના ઠાલવી રહ્યા છે કે, ખાસ કરીને અમદાવાદ શહેર તેમ જ રાજય અને રાજય બહારથી આવતા લોકોને ચાલતા પણ ના ફાવે તે હદે ખાડા ખોદી નંખાયા છે, જેના કારણે નાગરિકોને પગ મચકોડાઇ જવાની અને ફ્રેકચર થઇ જવાની દહેશત પ્રવર્તી રહી છે. તેની સીધી અસર તેમના ધંધા-રોજગાર પર પડી રહી છે. બીજીબાજુ, અમ્યુકો સત્તાવાળાઓ ધૂળેટી સુધીમાં કામ પતાવી દેવાનું આશ્વાસન આપી રહ્યા છે. તો, મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિપક્ષ કોંગ્રેસના પૂર્વ નેતા સુરેન્દ્ર બક્ષીએ પણ આ મામલે શાસક પક્ષ ભાજપ પર આકરા પ્રહારો કરી તેના અણઘડ આયોજનનો ગંભીર આરોપ લગાવ્યો હતો અને સાથે સાથે વેપારીઓ-મહાજનો ઉપરાંત ખરીદી કરવા આવનાર નાગરિકો ખાસ કરીને મહિલાઓ-યુવતીઓની હાલાકીને ધ્યાનમાં લઇ તાત્કાલિક ધોરણે પ્રોજેકટની કામગીરી પૂર્ણ કરવા માંગણી કરી છે.

અમ્યુકો દ્વારા જનરલ બજેટમાંથી રૂ.૫૦ લાખની જોગવાઇ કરી રતનપોળના રસ્તાને સુંદર અને સુઘડ બનાવવાનું આયોજન હાથ ધરાયું હતું અને તેના ભાગરૂપે તા.૨૮મી ડિસેમ્બરે આ પ્રોજેકટ અંતર્ગત કામગીરી શરૂ કરાઇ હતી અને આખી રતનપોળના અંદરના રસ્તાઓને ખોદી કાઢવામાં આવ્યા હતા. રોડ ખોદાઇ જતાં ઇલેક્ટ્રીક કેબલ પણ નવેસરથી નાંખવાનું નક્કી કરાયું હતું, તો ગટરલાઇન અને વરસાદી પાણીની લાઇનની સફાઇ કરવાનું હતું પરંતુ ગોલવાડથી રિલીફરોડ પીસીસી બિછાવી કામ શરૂ કરાયુ, એ જ વખતે ગટરલાઇન પણ સાફ કરવાનું નક્કી થયું. રોડથી ૧૦ ફુટે જ મેનહોલ ચોકઅપ છે પરંતુ તેની સફાઇ કરવા કોઇ આવતું જ નથી, તેના કારણે પીસીસી બિછાવવાનું કામ અટકી પડયું છે. હવે ગટરલાઇન સાફ ના થાય ત્યાંસુધી પીસીસી ના બિછાવાય અને ત્યારબાદના કરવાના થતા ઇલેકટ્રીક કેબલ અને ટેલિફોન લાઇન નાંખવાના કામો પણ અટવાઇ પડયા છે. અમ્યુકો તંત્રને સહકાર આપવા અને કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે માટે રતનપોળ વેપારી મહાજન દ્વારા તેમની દુકાનો અત્યારસુધીમાં ત્રણ વાર બંધ રાખવામાં આવી પરંતુ પરિસ્થિતિ જૈસે થે છે. રતનપોળ વેપારી મહાજન દ્વારા આ સમગ્ર મામલે અમ્યુકો સત્તાધીશોને વારંવાર રજૂઆત કરાય છે પરંતુ દર વખતે તેમને નવી મુદત મળે છે અને હવે સત્તાધીશો ધૂળેટી પહેલા કામગીરી પૂર્ણ થઇ જશે તેવું આશ્વાસન આપી રહ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિપક્ષ કોંગ્રેસના પૂર્વ નેતા સુરેન્દ્ર બક્ષીએ શાસક પક્ષ ભાજપના અણઘડ વહીવટ અને બિનકાર્યક્ષમ આયોજનની ભારોભાર ટીકા કરી હતી અને વેપારી-મહાજનભાઇઓની મુશ્કેલી જ નહી પરંતુ રતનપોળમાં ખરીદી કરવા આવનાર હજારો નાગરિકો ખાસ કરીને મહિલાઓ-બહેનોની હાલાકી સમજીને તાત્કાલિક ધોરણે આ પ્રોજેકટની કામગીરી પૂર્ણ કરવા માંગણી કરી હતી.

Printer, Publisher, Editor & Owner by **GOHIL PRATAPBHAI KESHUBHAI** Printed at **AMBICA OFFSET, PLOT NO.25, GROUND FLOOR, NR.SAIBABA FLATS, BUNGLOW AREA, KUBERNAGAR, AHMEDABAD** Published at **115, ROYAL COMPLEX HAJUR PAYAGA ROAD, NEAR HIGH CORT, BHAVANAGAR.** R.N.I. REG. NO. **GUJGUJ/2011/39246.** Editor : **GOHIL PRATAPBHAI KESHUBHAI**